અપીલ અરજી નં.૮૭ તા.૧–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની આઈ ડી. નં.૧૦૦ તા.૬–૬–૦૯ ની અરજીથી ટીપી નં.૧૨ (અડાજણ) ના રે.સ નં.૫૦૮/બ મુળ ખંડ નં.૧૮ ના અંતિમ ખંડ નં.૧૫ (પંદર), ૨૮ (અઠ્ઠાવીસ)તથા ૧૦૦(સો) માં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના કેટલી રકમ કયારથી બાકી પડે છે તથા તેના પર કયા દર થી અને કઈ તારીખથી વ્યાજ ચઢાવવામાં આવે છે તેની વિગતવાર આંકડા અને માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૭–'૦૯ ની અપીલ અરજી નં.૮૭/૨૦૦૯–૧૦

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની આઈ ડી. નં.૧૦૦ તા.૬–૬–૦૯ ની અરજીથી ટીપી નં.૧૨ (અડાજણ) ના રે.સ નં.૫૦૮/બ મુળ ખંડ નં.૧૮ ના અંતિમ ખંડ નં.૧૫ (પંદર), ૨૮ (અઠ્ઠાવીસ)તથા ૧૦૦(સો) માં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના કેટલી રકમ કયારથી બાકી પડે છે તથા તેના પર કયા દર થી અને કઈ તારીખથી વ્યાજ ચઢાવવામાં આવે છે તેની વિગતવાર આંકડા અને માહિતી આપવા બાબતે વિગતવાર માંગ્યા મુજબની માહિતી મોકલી નથી તેવું જણાવી તા.૨૩–૬–૦૯ ના મળેલા પ્રતિભાવથી નારાજ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૫ તા. ૭–૭–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–૬–૦૯ ની અરજીથી ટીપી નં.૧૨ (અડાજણ) ના રે.સ નં.૫૦૮/બ મુળ ખંડ નં.૧૮ ના અંતિમ ખંડ નં.૧૫ (પંદર), ૨૮ (અઠ્ઠાવીસ)તથા ૧૦૦(સો) માં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના કેટલી રકમ કયારથી બાકી પડે છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના નાણાની મુદ્દલ રકમ રૂા.૬૪૮૦/– તા.૧ ૬–૭–૯૦ (એટલે કે ટીપી ફાઈનલ થયાની તારીખ) થી ભરપાઈ કરવાના બાકી રહે છે. તથા તેના પર કયા દર થી અને કઈ તારીખથી વ્યાજ ચઢાવવામાં આવે છે. જે અંગે આપના તરફથી ભરપાઈ કરવામાં આવે ત્યારે મુદ્દલ રકમ તથા જે તે સમયના પ્રવર્તમાન બેંકના વ્યાજ સાથે બાકી રહેલ ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના નાંણાની રકમ વસુલ લેવા પાત્ર થાય છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૫ તા.૨૩–૬–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આમ બાકી રકમ પર કયા દરથી અને કઈ તારીખથી વ્યાજ ચઢાવવામાં આવે છે તેવી માહિતી પૂરી પાડેલ નથી. જાહેર સત્તા મંડળ વસુલ લેવા પાત્ર લેણા અંગેના આ પ્રકારની વિગતો નકકી થયેલ નિતિ અનુસારની દફતરે હોવાનું અનિવાર્ય છે. જે પારદર્શિતાનો પણ ભાગ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પાડેલ વ્યાજ દર તથા કઈ તારીખથી વ્યાજ ચઢાવવામાં આવેલ છે તેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેર ઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,